`

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૫/૦૫/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૨૫/૦૫/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

===========================================

## જુનાગઢનાં મહેરબાન સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુંઃ જુનાગઢ

===========================================

<u>ક્રિમિનલ અપીલ નંબર :– ૧૦૧/૨૦૨૬</u>

આંક –

**અરજદાર :–**

**પ્રતિકભાઈ સતિષકુમાર જનાની**
ઉ.વ.આ.૩૭, ધંધો–કોમ્પ્યુટર જોબવર્ક
રહે. ઈસ્કોન હેબીટેડ, બ્લોક નં. ૨૦૪
ન્યુ અલકાપુરી, આંકોડીયા, લક્ષ્મીપુરા
વડોદરા
હાલ: રાજકોટ જેલ ::::::::::::::::–<u>વિવાદી</u>
<u>(મુળ આરોપી)</u>

<u>**વિ રુ ધ્ધ**</u>

**સામાવાળા :–**

(૧) **શ્રી હિરેનભાઈ વાસુદેવભાઈ મહેતા**
ઉ.વ.૫૦, ધંધો–વેપાર,
રહે. રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, બ્લોક નં.૨૦૬
મધુરમ બાયપાસ, જુનાગઢ

(૨) **શ્રી સ ર કા ર,**
થ્રુ: ડીસ્ટ્રીકટ ગવર્નમેન્ટ પ્લીડર,
મુ. જૂનાગઢ. ::::::::::::::::–<u>પ્રતિવિવાદી</u>
(મુળ ફરીયાદી)

**અપીલ : ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૫૨૪૭/૨૦૨૧ ના કામે તા. ૨૪–૦૮–૨૦૨૩ ના રોજ થયેલ સજાના હુકમ સામે અપીલ**

| |
|---|
| વિવાદી તરફે વિ. વકીલ શ્રી એન.આર.કલોલા<br>સામાવાળા નં.૧/ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી જે.આર.જોશી<br>સામાવાળા નં.ર/ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી.જોટાણીયા. |

## :: ઠ રા વ ::

**(૧)** આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતાં તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

**(ર) ફરીયાદપક્ષની હકીકત :–**

ફરીયાદની હકીકત નીચે મુજબ છે,

''**ર.૧** અમો ફરીયાદી જુનાગઢ મુકામે રહીએ છીએ તેમજ કોમ્પ્યુટર જોબવર્ક કરી અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. આ કામના તહોમતદાર અને અમો ફરીયાદીને મીત્રતાના સંબંધના કારણે તહોમતદારે અમો ફરીયાદીને ડેટા સીગ્મેન્ટના ધંધાના વિકાસ માટે અમો ફરીયાદીને રોકાણ કરવાની વાત કરેલ અને તહોમતદારની વાતને અમો ફરીયાદીએ સમર્થન આપી તહોમતદાર ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી તહોમતદારને રૂા.૯,૦૫,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પાંચ હજાર પુરા આપેલા તેમજ તહોમતદારે અમો ફરીયાદીને કરાર કરી આપેલ, તેમજ પ્રોજેકટ પુર્ણ થતા બીજા નવા પ્રોજેકટમાં ફેરવેલ જેનુ નામ ડેટાબેઈઝ મેનેજમેન્ટ સીસ્ટમ એવુ નવુ નામ રાખવામાં આવેલ. અમો ફરીયાદીને તહોમતદાર ઉપર ભરોસો અને વિશ્વાસ હોય, જેથી તહોમતદાર સાથે કરાર કરેલ તેમજ તે રકમ પેટેનો તહોમતદારે અમો ફરીયાદીને રૂા.૯,૦૫,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પાંચ હજાર પુરાનો તહોમતદારની બેન્ક આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક જુનાગઢ શાખાના તહોમતદારના એકાઉન્ટ નં–૦૩૦૮૦૧૫૧૨૬૯૭ નો ચેક નં–૦૧૬૭૨૪નો ચેક આપેલ.

**ર.ર** અમો ફરીયાદીને તહોમતદારે આપેલ આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક જુનાગઢ શાખાનો ચેક તહોમતદારે લખ્યા તા.૦૫/૦૬/૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન તા.૨૩/૬/૨૦૨૧ ના રોજ અમો ફરીયાદીની બેન્ક બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ઝાંઝરડા રોડ, જુનાગઢ શાખામાં અમારા ખાતા નં–૩૭૯૪૩૨૭૮૧૭૬ માં તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ જમા કરાવતા સદરહુ ચેક "ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા

સાથે તેજ દિવસે તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ પરત ફરેલ છે. આમ, તહોમતદારે અમો ફરીયાદીના નાણા ઓળવી જવાનો પ્રથમથી ઈરાદો રાખી અને તહોમતદારે અમો ફરીયાદીને આપેલ વચન વિશ્વાસનો ભંગ કરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગંભીર સજાને પાત્ર ગુન્હો કરેલ છે.

**૨.૩** ઉપરોકત વિગતનો ચેક નકારાતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ તહોમતદારને તા. ૧૦/૭/૨૦૨૧ ના રોજ તેના ઉપરોકત સરનામે અમારા વકીલ મારફત રજી.એ.ડી.થી નોટીસ આપેલ, જે નોટીસ આ કામના તહોમતદારના ઉપરોકત સરનામેથી તા. ૧૪/૦૭/૨૦૨૧ ના રોજ લેફટના શેરા સાથે પરત ફરેલ છે. ખરી હકીકતે, આ કામના તહોમતદાર ઉપરોકત સરનામે જ રહે છે તેમ છતાં ઈરાદા પુર્વક લેફટના શેરા સાથે નોટીસ પરત મોકલેલ છે. આમ, કાયદાની જોગવાઈ મુજબ આ કામના તહોમતદારને સદરહુ નોટીસ તેમના ઉપરોકત સરનામે બજી ગયેલ છે.

આમ, તહોમતદારને નોટીસ આપેલ અને તે તહોમતદારે ઉપરોકત વિગતે લેફટના શેરા સાથે બદઈરાદાથી પરત કરેલ અને કાયદાની જોગવાઈ મુજબ તહોમતદારને નોટીસ બજી જવા છતાં તહોમતદારે નોટીસમાં દર્શાવેલ સમય મર્યાદામાં સદરહુ ચેકના નાણા અમો ફરીયાદીને વસુલ આપેલ ન હોય કે, અમારી નોટીસનો કોઈ જવાબ પણ આપેલ ન હોય, આમ આ કામના તહોમતદારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. જેથી આ કામના તહોમતદાર સામે હાલની ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. આ કામના તહોમતદાર સામે આ ફરીયાદ સિવાય અન્ય કોઈ ફરીયાદ આપ નામદાર અદાલત સમક્ષ દાખલ કરેલ નથી.

**૨.૪** અમો ફરીયાદી આપની હકુમતવાળા વિસ્તારમાં રહેતા હોય અને અમો ફરીયાદીએ સદરહુ ચેક અમારી જુનાગઢ મુકામે આવેલ બેન્કમાં જમા કરાવેલ હોય,અમો ફરીયાદીની આ ફરીયાદનુ કારણ પણ આપ નામદાર અદાલતની હકુમતમાં ઉત્પન્ન થયેલ હોય જેથી આ ફરિયાદ ચલાવવા, સાંભળવા અને તેનો નીકાલ કરવા આપ નામદાર અદાલતને હકુમત છે. તેમજ હાલની ફરીયાદ મુદતમાં છે.'' તેમ જણાવી પેરા–૭ મુજબની દાદ માગેલ છે.

## (૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયાઃ–

રેકર્ડ જોતાં વિ. ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.ફ.ક.શ્રી–જૂનાગઢનાએ આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઊપર ચર્ચા કર્યા મુજબનાં ગુન્હાનું કોગ્નીઝન્સ લીધા બાદ સમન્સ કાઢયાનું અને ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. ની

કલમ–૨૦૭ હેઠળ જરૂરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતાં, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતાં નીચે મુજબનાં પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલાં છે.

**(૩.૧) મૌખિક પુરાવા :**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદી હિરેનભાઈ વાસુદેવભાઈ મહેતાના પુરાવાનું સોગંદનામુ. | ૦૫ |

(૩.૨) <u>દસ્તાવેજી પુરાવોઃ–</u>

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ અરસ પરસ સમજુતી અંગેનો કરાર/બાહેંધરી ખત તા. ૨૮–૧૨–૨૦૨૦ | ૨૫ |
| (૨) | આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ અરસ પરસ સમજુતી અંગેનો કરાર/બાહેંધરી ખત તા. ૨૮–૧૨–૨૦૨૦ | ૨૬ |
| (૩) | આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ અરસ પરસ સમજુતી અંગેનો કરાર/બાહેંધરી ખત તા. ૨૮–૧૨–૨૦૨૦ | ૨૭ |
| (૪) | આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ અરસ પરસ સમજુતી અંગેનો કરાર/બાહેંધરી ખત તા. ૨૪–૦૫–૨૦૨૧ | ૨૮ |
| (૫) | આરોપીએ ફરીયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક નં. ૦૧૬૭૨૪ | ૩૩ |
| (૬) | સદર ચેક પરત ફર્યાની જાણ કરતો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો રીટર્ન મેમો. | ૩૪ |
| (૭) | ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ | ૩૫ |
| (૮) | ફરીયાદીએ આરોપીને નોટીસ કર્યાની વીન્ડો સ્લીપ. | ૩૬ |
| (૯) | નોટિસનું પરત થયેલ કવર | ૩૭ |

**(૩.૩)** રેકર્ડ જોતાં આરોપીના વધારાના નિવેદન માટે મુદત તા.૩૦–૦૮–૨૨, ૧૭–૧૦–૨૨, ૨૨–૧૧–૨૨ ના રોજની મુકરર કરવામાં આવેલ પરંતુ આરોપી મુદત તારીખોએ નામ. કોર્ટમાં હાજર રહેતા ન હોય તેથી ફરીયાદી તરફે આંક–૩૩ થી આરોપીના

વધારાના નિવેદનનો હકક બંધ કરવા અંગે ટ્રાયલ કોર્ટમાં તા. ૨૨–૧૧–૨૨ ના રોજ અરજી આપતા ટ્રાયલ કોર્ટે તે અરજી મંજુર કરેલ.

ત્યારબાદ ફરીયાદી તરફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

ત્યારબાદ સદર કામ ફરીયાદી તથા આરોપી તરફેની દલીલો માટે મુદત તા. ૨૭–૧૨–૨૨ ના રોજની મુકરર કરેલ પરંતુ સદર તારીખે આરોપી કે તેમના વિ. વકીલશ્રી હાજર રહેલા ન હોય તેથી ટ્રાયલ કોર્ટે તા. ૨૭–૧૨–૨૦૨૨ ના રોજ આરોપી તરફેની દલીલનો હકક બંધ કરવામાં આવેલ.

**(૩.૪)** ત્યારબાદ બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

**"–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી પ્રતિકભાઈ સતિષકુમાર જનની, રહે, બ્લોક નં.–૨૦૪, "ઈસ્કોન હેબીટેટ" ન્યુ અલ્કાપુરી, આંકોડીયા, લક્ષ્મીપુરા, વડોદરા વાળાને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલ બે વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ ૬(છ)% નાં વ્યાજ સાથે આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચૂકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં આરોપીએ અગાઉ જો કોઈ રકમ ભરેલ હોય તો બાદ આપવી.

(૪) આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૫) આજરોજ આરોપી ચૂકાદા સમયે હાજર ન હોય અને તેમની તરફે કોઈ મુકિત અરજી ન હોય આરોપી વિરુધ્ધ આ સજાનાં અમલ સંબંધેનું તેમની સામે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીને આ હુકમની એક નકલ વિના મૂલ્યે પૂરી પાડવી.''

ઊપરોકત હુકમથી નારાજ થઈ આરોપી પ્રતિકભાઇ સતિષકુમાર જનની એ સીઆર.પી.સી.ની કલમ−૩૭૪ હેઠળ અપીલ અદાલત રૂબરૂ અપીલ કરેલ છે.

**(૪) અપીલની હકિકતઃ −**

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

'' **૪.૧** નામદાર ટ્રાયલ અદાલતે કરેલ હુકમ ખરો નથી, કાયદેસરનો નથી જેથી રદ્દ થવાને પાત્ર છે.

**૪.૨** નામદાર ટ્રાયલ અદાલતે ફરમાવેલ હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનો હોય જેથી પણ હુકમ રદ્ થવાને પાત્ર છે.

**૪.૩** નામદાર ટ્રાયલ અદાલતે સમગ્ર કેસ પેપર્સની કાયદાકીય છણાવટ કર્યા સિવાય, તેનું કાયદાકીય અવલોકન કર્યા સિવાય ફક્ત રૂટીન કોર્ષ મુજબ યંત્રવત એકતરફી હુકમ ફરમાવેલ છે. જેથી પણ હુકમ રદ્દ થવાને પાત્ર છે.

**૪.૪** નામદાર ટ્રાયલ અદાલતે આરોપીને બચાવની પુરતી તકો આપેલ નથી. જેથી પણ હુકમ રદ્દ થવાને પાત્ર છે.

**૪.૫** નામદાર ટ્રાયલ અદાલતે વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ મુજબ કાયદેસરનું દેવું અસ્તિત્વમાં હોવાનું ધ્યાને લીધા વગર ફક્ત એક તરફી ભુલ ભરેલો હુકમ ફરમાવેલ છે. જેથી પણ તે રદ્ થવાને પાત્ર છે. તેમજ વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈઓના અનુમાનનું પણ ખંડન આરોપી પક્ષે કરેલ હોવા છતાં એ હકીકત ધ્યાને લીધા વગર ભૂલ ભરેલો હુકમ ફરમાવેલ છે.

**૪.૬** નામદાર ટ્રાયલ અદાલતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનો ખંડન કરવાનો બોજો આરોપી ઉપર હોવાનું માની તેમજ ફરિયાદ પક્ષ પોતાનો કેસ રજૂ કરેલ સોગંદનામું, દસ્તાવેજી પુરાવા લીસ્ટ દ્વારા પુરવાર કરી દીધેલ હોવાનું ઠરાવી ગંભીર પ્રકારની કાયદાકીય ભૂલ કરેલ છે.

**૪.૭** આંક−૩૩ વાળો ચેક સિક્યુરીટી પેટેનો હોવાનો આરોપી પક્ષનો બચાવ ધ્યાને લીધા વગર નામદાર ટ્રાયલ અદાલતે કાયદાકીય રીતે ગંભીર પ્રકારની ભૂલ કરેલ છે.

**૪.૮** નામદાર ટ્રાયલ અદાલતે સદરહું કેસ એકતરફી ચલાવીને અમો એપેલન્ટને બચાવની તક આપ્યા વગર સાચી હકીકતો નામદાર ટ્રાયલ અદાલતે ધ્યાને ન લઈ કાયદાની તથા હકીકત લક્ષી ગંભીર ભુલ કરેલ છે.

**૪.૯** નામદાર ટ્રાયલ અદાલતે એકતરફેની થયેલ દલીલની હકીકતો ધ્યાને લઈ કાયદેસરનું લેણું અસ્તીત્વમાં હોવાનું ઠરાવી ગંભીર પ્રકારની ભુલ ભરેલો હુકમ ફરમાવેલ છે.
**૪.૧૦** નામદાર ટ્રાયલ અદાલતે આંક–૩૩ વાળા ચેકમાં સહી સિવાયના હસ્તાક્ષરો ફરિયાદીના હોવાનું તેમજ આરોપી /એપેલન્ટના સદરહું સિક્યોરીટી પેટેના ચેકનો ફરિયાદી દ્વારા દુરુપયોગ કરેલ હોવાનું અમો એપેલન્ટના ઉલટતપાસના હકક, એફ.એસ.ના હકક તેમજ દલીલના હકક બંધ કરી અમો એપેલન્ટની હકીકતો ધ્યાને લીધા વગર એકતરફી, રૂટીન કોર્ષ, યંત્રવત મુજબ હુકમ ફરમાવેલ છે.
**૪.૧૧** ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપીએ ફક્ત ફરિયાદીના પુરાવા અંગે શંકા જ ઉદભવવાની રહે છે. જે અમો આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીનું નીવેદન શંકાસ્પદ હોવા છતાં જયારે ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિશંકપણે સાબિત કરવો જરૂરી હોવાનું નહિ માની અને જે હકીકતો ધ્યાને લીધા વગર ભુલ ભરેલો હુકમ ફરમાવેલ છે.’’ તેમ જણાવી અરજી પેરા–૬ માં જણાવ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

## (૫) આરોપી તરફે દલીલઃ–

મૂળ આરોપી/એપેલન્ટના વિ.વ.શ્રી તરફે આંક–૧૩ થી કુલ ૪ પાનાની લેખિત દલીલ તા.૧૨–૦૬–૨૦૨૬ ના રોજ રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

''(૧) અમો એપેલન્ટ કોમ્પયુટરનું જોબવર્ક કરીએ છીએ અને કંપનીમાંથી મળતા કોન્ટ્રાકટ મુજબ ઓનલાઈન વર્ક કરીએ છીએ. આ કામના મુળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ કોમ્પ્યુટર જોબવર્કનું કામકાજ કરે છે અને થોડા સમયથી અમો એપેલન્ટને ઓળખે છે. અમો એપેલન્ટ કન્સલ્ટ પ્રોસેસ નામની કંપનીમાં કોન્ટ્રાકટ બેઈઝ કામ કરતા હોય અને આ કામના મુળ ફરીયાદીએ તે કંપનીમાં રોકાણ કરેલ ત્યારથી અમો એપેલન્ટ ઓળખીએ છીએ.

(૨) આ કામના મુળ ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે બેંકમાંથી લોન મેળવીને તથા મારા પિતાશ્રીનુ મકાન વેચીને આરોપીને રૂપિયા આપેલા. ખરી હકીકતે આ કામના ફરીયાદીએ એવા કોઈપણ લેખીત આધાર પુરાવાઓ બેંકની લોનના કે તેમના પિતાશ્રીના મકાનના વેચાણ દસ્તાવેજો આ કામે રજુ કરેલા નથી કે તેમની ફરીયાદમાં, નોટીસમાં કે સરતપાસના સોગંદનામામાં ક્યાંય દર્શાવેલ નથી કે આરોપીને રૂપીયા કયા સમયે, કેટલા રૂપીયા તેમજ કોની હાજરીમાં આપેલા છે એટલે કે હાલની આ ફરીયાદ

કાયદાની જોગવાઇ વિરૂધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ હોય અમો એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવા આપ સાહેબને નમ્ર અરજ છે.

(૩) ઉપરોકત તકરારી ચેક સીકયુરીટી પેટે લીધલો છે અને એપેલન્ટની જાણ બહાર માતબર રકમ પોતાની મરજી મુજબ ભરી બેંકમાં ચેક રીર્ટન કરાવેલ છે એટલે કે અમો એપેલન્ટ/આરોપીનો સીકયુરીટી પેટે પડેલા ચેકનો ખોટી રીતે દુરઉપયોગ કરી હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે એટલે કે હાલની આ ફરીયાદ કાયદાની જોગવાઈ વિરૂધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ હોય અમો એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવા આપ સાહેબને નમ્ર અરજ છે.

(૪) આ કામમાં ખરી હકીકતે ફરીયાદીએ કંપનીમાં રોકાણ કરેલ હોય કે ડીપોઝીટ તરીકે આપેલ હોય તો તેની રકમ પરત કરવાની જવાબદારી જે તે કંપનીની હોય નહી કે અમો એપેલન્ટની તેમજ વળતર આપવાની જવાબદારી પણ જે તે કંપનીની હોય નહી કે અમો એપેલન્ટની. જેથી સ્પષ્ટપણે આ કામના મુળ ફરીયાદીએ અમારા સીકયુરીટી પેટે પડેલા ચેકનો દુર ઉપયોગ કરીને હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે. તેમજ ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે એપેલન્ટની ફકત સહી જ ચેક ઉપર છે અને બાકીની તમામે તમામ વિગત મુળ ફરીયાદીએ ભરેલ છે એટલે સ્પષ્ટપણે માની શકાય કે ઉપરોકત ચેક સીકયુરીટી પેટે કોરો સહી કરેલા ચેકનો દુરઉપયોગ કરી મનઘડત રકમો ભરી હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. અમો એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.

(૫) આ કામના ફરીયાદીએ આ કામના એપેલન્ટ/આરોપીની જાણ બહાર તેમની પાસે રહેલ સીક્યુરીટી પેટે રહેલા ચેકનો એપેલન્ટ/આરોપીને જાણ કર્યા વગર પોતાની બેંકમાં જમાં કરાવી અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ વિરૂધ્ધ હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે એ સ્પષ્ટપણે ફલીત થાય છે. જેથી અમો આ કામના એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.

(૬) આ કામના ફરીયાદીએ નોટરાયઝડ એગ્રીમેન્ટ બનાવેલ છે તેમાં પણ દરેક પાના પર સહીઓ નથી તેમજ સાક્ષી તરીકે સહીઓ નથી તેમજ સુધારા કરેલા છે ત્યાં પણ નોટરીશ્રીનો સહી સીકકો નથી કે ટુંકી સહીઓ નથી. ખરી હકીકતે એપેલન્ટે આ કામના ફરીયાદીને વધુ રકમ ચુકવેલ છે જેના બેંક સ્ટેટમેન્ટ આ સાથે રજુ રાખેલા છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ વિરૂધ્ધ હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે એ

સ્પષ્ટપણે ફલીત થાય છે. જેથી અમો આ કામના એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.

(૭) ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮/૧૩૯ હેઠળ ફરીયાદીએ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરવું જોઈએ. જયારે આ કામમાં ફરીયાદી પક્ષ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. એપેલન્ટ/આરોપીનો સીક્યુરીટી પેટે પડેલા ચેક પોતાની બેંકમાં અમો એપેલન્ટ/આરોપીને જાણ બહાર જમાં કરાવી અને હાલની આ ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. આમ, આ કામના ફરીયાદીએ અમો આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે જે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૬ હેઠળ ચેકની કાયદેસરતા પુરવાર કરવી જોઈએ.

ધી.નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮, ૧૩૯ મુજબ ચેક સંપુર્ણ લખેલ હોય કે કોરો લખેલ હોય અદાલત એવું અનુમાન ન કરી શકે કે ચેક દેવા અને જવાબદારી માટે આપેલો. કલમ-૧૩૯ માં અંગ્રેજી શબ્દ "રિસીવડ" અને "ઈસ્યુડ" અને "એકઝીક્યુટેડ" શબ્દ વપરાયેલ છે ચેકના ધારણ કરનાર માટે કલમ-૧૩૯ નું અનુમાન કરવું પડે તે માટે પુરાવો ફરીયાદીએ આપવો જોઈએ. કલમ-૧૩૯ માં કરવામાં આવેલું અનુમાન એ હેતુ અંગેનું છે કે ચેક ફરીયાદી એ ક્યા હેતુ માટે મેળવેલો છે એટલે નામદાર કોર્ટ કલમ-૧૩૯ નું અનુમાન કયા હેતુ માટે કર્યુ છે તેનું અનુમાન નામદાર કોર્ટ દેવા અને જવાબદારીના હેતુ માટે "ઈશ્યુડ", "એકઝીક્યુટેડ", "ડ્રોન" આરોપી દ્વારા થયેલું છે તે પુરાવાથી જ કરી શકે.

કલમ – ૧૩૯ નીચે ચેક દેવા અને જવાબદારી માટે આપેલ છે તેવું અનુમાન કલમ -૧૩૯ નું અનુમાન કરવા માટે ધોરણો (તત્વો) જણાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

(૧) જે વ્યકિતના લાગમાં અનુમાન કરવાનું છે તે કલમ – ૮ પ્રમાણે ચેકનો ધારણ કરનાર છે.

(૨) ચેકને પોતાના નામનો કેવી રીતે મેળવ્યો અને તેમાં લખેલી રકમ આરોપી પાસે ખરેખર બાકી છે.

(૩) ચેક ધારણ કરનાર ખરેખર ચેકોનો કબજો મેળવવા હકકદાર છે.

(૪) ફરીયાદીએ પુરાવાથી એવું પુરવાર કરવું જોઈએ કે કલમ— ૧૩૮ માં ઉપયોગમાં લેવામાં આવેલ શબ્દ "હોલ્ડર" અને " હિ રીસીવડ" આ બન્ને એક જ હોય તો અનુમાન ૧૩૯ નીચે થઈ શકે.

એવિડન્સ એકટની કલમ ૩,૪ કાયદામાં અનુમાન અને તેનો અર્થ જણાવેલ છે. અનુમાનના પ્રકારો નીચે મુજબ છે.

Sessions Judge
Junagadh

(૧) કાયદાનું અનુમાન અને

(૨) હકિકતનું અનુમાન

પ્રથમ જે છે તે કાયદામાં હોય છે એટલે અનુમાન કરવું જોઈએ. બીજું જે છે તેમાં "અનુમાન થઈ શકે" તેવી નામદાર કોર્ટ એવું દર્શાવી શકે કે બીજા કેટલાક સંજોગો એવા થઈ શકે જેમાં શક્યતા અનુમાન અને તેને અસર કરતા પરિબળોને પુરાવાનું મુલ્યાંકન કરીને અને રેકર્ડ ઉપરના સંજોગોના આધારે એક સામાન્ય માનવીની વર્તણુંક અંગેનું અનુમાન હોઈ શકે જે નામદાર કોર્ટે કલમ-૩ પ્રમાણે પુરવાર થતું નથી કે થાય છે તે નકકી કરવું જોઈએ.

ઉપરોકત તમામ વિગતો આ કામમાં મુળ ફરીયાદી પક્ષ પોતાનો કેસ નિશંકપણે સાબીત કરવામાં ભારતીય પુરાવા અધિનિયમ હેઠળ નિષ્ફળ ગયેલ છે અને ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ અને ૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવામાં એપેલન્ટ/આરોપી સફળ થયેલ હોય જે તમામ હકીકતો આ કામમાં રકર્ડ ઉપર આવેલ, તેમ છતાં નામદાર ટ્રાયલ કોર્ટે અમો એપેલન્ટ/આરોપીને કસુરવાર ઠેરવી સજાનો હુકમ ફરમાવેલ આથી આપ નામદાર સાહેબને અમારી નમ્ર અરજ છે કે અમો એપેલન્ટ/આરોપીને નિર્દોષ છોડી મુકવા તેમજ નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા આપ સાહેબને નમ્ર અરજ છે.''

## (૬) મૂળ ફરીયાદી/સામાવાળા તર્ફે દલીલો :-

મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વકીલશ્રીએ દલીલ કરેલ છે કે ટ્રાયલ અદાલતે તમામ હકીકત ધ્યાનમાં લઇ એન.આઇ.એકટની કલમ-૧૩૮ મુજબ ગુનો કઇ રીતે પુરવાર થાય છે તે હકીકત ઉપર પુરતી છણાવટ કરેલ છે તે સંજોગોમાં અપીલ ટકવા પાત્ર ન હોય આ અપીલ રદ કરવા માટે દલીલ કરેલ છે.

## (૭) પોઈન્ટસ ફોર ડીટરમીનેશનઃ-

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપી/એપેલન્ટનાં વિ.વ.શ્રી ની દલીલો, મુળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૧ ના વિ. વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતા આ અપીલનાં નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ-૩૮૭ સાથે ૩૫૪(૧)(બી) વંચાણે લેતાં નીચે મુજબનાં પોઈન્ટસ ઊપસ્થિત થાય છે.

**૭.૧)**શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકિકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

**૭.૨)**શું ટ્રાયલ અદાલતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે તહોમત સંદર્ભે મુલ્યાંકન કરેલ નથી?

**૭.૩)**શું હુકમ ?

(૮) **મુદ્દાનાં જવાબઃ–**

૮.૧) ચર્ચા મુજબ 'નકારમાં''

૮.૨) ચર્ચા મુજબ 'નકારમાં''

૮.૩) આખરી હુકમ મુજબ. ''ચર્ચા કર્યા મુજબ ''

## **– કારણો –**

(૯) **મુદ્દા નં. ૧ –**

**પુરાવાનો કાયદો બે આસ્પેકટને અનુસરે છેઃ–**

A. QUID Probandum એટલે કે, હકિકત સાબીત કરવી,

જયારે બીજો આસ્પેકટ –

B. MODUS Probandi ને અનુસરે છે જે પુરવાર કરવાની રીતને અનુસરે છે.

C. ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુન્ડસ મુજબ ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે.

D. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "strictly construed" કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Lirtera legis) કરતાં આગળ વધવું જોઈએ નહી.

E. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :–**

**કલમ–૬:–આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી:–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું

<u>પ્રત્યેક દૃષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દૃષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.</u> એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે,કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે.નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસસીસી– પાન નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

## F <u>Beyond reasonable doubt એટલે શું ?</u>

F.1 ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબીશકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબીશકથી પર ગુનેગાર છે. **<u>Reasonable doubt અંગે વિદવાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–</u>** "Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**<u>F.2 આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:–</u>** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. “Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but

nothing short of that will suffice". વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરુધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાન – ૫૩૭ ઉપરનાં ચુકાદામાં માં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,....**1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ.** State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents *[@page537]* Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

F.3 આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સં ડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬૦ માં પડતાં પુરાવાથી કે સીધા પુરાવાનાં અપવાદો એટલે કે રેસ ગેસ્ટેમાં પડતાં સાહેદોનાં પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬ થી ૯ અને ૧૪ માં પડતાં પુરાવાથી કે ભા. પુ. ધારા માં જણાવેલ કલમ–૨૪ મુજબની કબુલાતથી કે ભા. પુ. ધારાની ક. ૩૨ માં પડતાં પુરાવાથી સાબીત કરવાની હોય છે. આમ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરીયાદ પક્ષ નું મુલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૦)** નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૨ ની કલમ–૧૩૯ તથા ૧૧૮ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

**કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–**

વિરુધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧ ૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

આમ, કલમ–૧૩૯ નું અનુમાન લક્ષમાં લેતાં વિરુધ્ધનું સાબીત ના થાય ત્યાં સુધી ચેકના ધારકને સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળેલ છે તેવું અનુમાન કરવાનું હોય છે. તેમજ આ તબકકે આ કાયદાની કલમ–૧૧૮ પણ રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**<u>કલમ –૧૧૮ વટાવ ખત વિષે માની લેવાની બાબત.</u>**

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશેઃ–

**અવેજ વિશે.**

(ક) દરેક, વટાઉ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**તારીખ વિશે.**

(ખ) જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**સ્વીકારનાર સમય વિશે.**

(ગ) સ્વીકારયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

**તબદીલીના સમય વિશે.**

(ઘ) કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પાકયાની તારીખ પહેલાં થઈ હતી.

**શેરાઓના ક્રમ વિશે.**

(ચ) કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરો તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

**સ્ટેમ્પ વિશે.**

(છ) ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો......

આમ, આ કલમ મુજબ પણ વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી આ ચેકો અવેજને માટે લખી આપવામાં આવ્યા હતાં તેવું અનુમાન અદાલતે કરવાનું હોય છે. આ કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ માં "Shall presume" તેવા શબ્દો છે અને તે સં જોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ-૪ ચિત્રમાં આવે છે અને જે નીચે મુજબ છે.

Section-4...........

"Shall presume" - Whenever it is directed by this Act that the Court shall presume a fact, it shall regard such fact as proved, unless and untill it is disproved........"

આમ, આ ભારતીય પુરાવા ધારાની આ અનુમાન ત્યારે જયાં સુધી હકીકત નાસાબીત ના થાય ત્યાં સુધી હકીકત સાબીત થઈ છે તેવું અદાલતે માનવાનું રહે છે.આમ આ કાયદાની કલમ-૧૧૮ અને ૧૩૯ લક્ષમાં લેતાં તથા ફરીયાદીનો પુરાવો લક્ષમાં લેતાં આ ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ ચેક અવેજને માટે અને કોઈ દેવા કે જવાબદારી માટે લખી આપવામાં આવ્યા હતા તેનું અનુમાન કરવાનું છે અને જોકે આ અનુમાન ખંડનાત્મક છે.

**(૧૧)** આ તબકકે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ને હવે પછી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તરીકે ઉલ્લેખવામાં આવશે. તેની કલમ-૧૩૮ અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

***138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—***

*Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to*

*the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:*

*Provided that nothing contained in this section shall apply unless—*

*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*

*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and*

*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*

*Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]*

**(૧૨)** આમ, આ કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ નીચે મુજબની હકીકત ફરીયાદપક્ષ દવારા પુરવાર કરવી જરુરી છે.

(૧) ચેક લખનાર એટલે કે આરોપી તેમનું ખાતું બેંકમાં ધરાવતા હતા અને તે બેંક ખાતાનો ચેક આરોપીએ ફરીયાદીને લખી આપેલ છે.

(૨) આ ચેક આરોપીએ તેની પોતાની જવાબદારી કે દેવું અદા કરવા માટે આપેલ છે.

(૩) ફરીયાદીએ આ ચેક ચેકની તારીખથી ત્રણ માસના સમયમાં પુરી ''વેલીડીટી પીરીયડમાં રજુ કરેલ છે.''

Sessions Judge
Junagadh

(૪) આ ચેક અપુરતાં ભંડોળના કારણે વગર વસુલાતે પરત આવેલ છે.

(૫) આ ચેક ભરપાઈ થયા વિના પરત આવતાં ભરપાઈ થયાની જાણ થયાની દિન–૩૦ માં આ કાયદાની કલમ–૧૩૮(બી) મુજબ લેખિતમાં નોટીસ આપીને આ ભરપાઈ થયા વિના પરત થયેલા ચેકની રકમની માંગણી કરી હોવી જોઈએ.

(૬) આ માંગણા નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ દિન–૧૫ માં તેના નાણાં ચુકવી આપ્યા નથી.

(૭) ઉપર મુજબના દિન–૧૫ માં નાણાં ચુકવી ના આપ્યા બાદ આરોપીએ ફરીયાદ કરવાનું કારણ આ કાયદાની કલમ–૧૩૮(ક) મુજબ ઉભું થાય તેના એક માસની અંદર ફરીયાદ દાખલ કરેલી છે.

**(૧૩)** આ કાયદાની કલમ–૧૩૮ મુજબ કસુરવાન ઠરાવવા માટે ફરીયાદીએ ઉપરોકત હકીકતો મુજબ સાબીત કરવી પડે છે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ મુજબ ઉપરોકત મુદ્દાઓ સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરીયાદી ઉપર છે. આ તબકકે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ કે જે અર્થઘટન અંગેની છે તેની કલમ સાબીત અંગેની અત્રે રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

> ''**સાબિત**'' – એક હકીકત સાબિત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલી બાબતો વિચારતા અદાલતે તેનું અસ્તિત્વ છે તેમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને છે કે એક સમજદાર વ્યકિત જે તે કેસમાં સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે.

**(૧૪)** આમ, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ તથા એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પાયાની હકીકત ફરીયાદીએ વ્યાજબી શકથી પર ઉપરોકત હકીકત સાબીત કરવાની હોય છે.

## (૧૫) <u>આરોપી તેનો બચાવ :–</u>

(અ) ફરીયાદપક્ષના પુરાવા થકી કે ફરીયાદપક્ષની ઉલટ તપાસ કરી

(બી) કે સ્વતંત્ર પુરાવાથી સાબીત કરી શકે છે.

## (૧૬) <u>ઉપરોકત બાબતોએ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

**૧૬.૧** આ કામમાં ફરીયાદની હકીકત મુજબ આરોપીને ધંધાના વિકાસ માટે ફરીયાદીએ ૯,૦૫,૦૦૦/– આપેલા અને તે અંગે કરાર પણ થયેલ છે અને તેની ચુકવણી પેટે આરોપીએ ચેક આપેલ જે ફંડ ઈનસફીશીઅન્ટના શેરા સાથે પરત આવતા એન.આઈ. એકટની કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબની નોટિસ આપેલ અને નોટિસ મળવા છતા આરોપીએ નાણાં ન ચુકવતા હાલની ફરીયાદ કરેલ છે.

**૧૬.૨** ઉપર મુજબની હકીકત ફરીયાદીએ સોગંદ ઉપર પણ જણાવી છે.

**૧૬.૩** ઉપરોકત બાબતે આ કામમાં આંક–૨૫ થી તા. ૨૮–૧૨–૨૦૨૦ નો કરાર રજુ થયેલ છે અને જેમાં ફરીયાદી હિરેનભાઈ પાસેથી રુા. ૫,૫૦,૦૦૦/– ધંધાના વિકાસ માટે આરોપીએ લીધેલ છે તેવો કરાર છે.

બીજો કરાર આંક–૨૬ થી રજુ છે તે પણ તા. ૨૮–૧૨–૨૦૨૦ નો છે અને તેમાં હાલના ફરીયાદી પાસેથી રુા. ૩,૦૪,૨૦૦/– આરોપીએ મેળવેલ છે તેવો કરાર છે અને આજ પ્રકારના બે કરાર આંક–૨૭ અને ૨૮ થી રજુ થયેલા છે.

**૧૬.૪** ઉપરોકત તમામ કરાર અંગે ટ્રાયલ અદાલતે નોંધેલ છે કે,

''કરાર મને બતાવવામાં આવે છે જે જોઈને કહ છુ કે તે મારા તથા આરોપી વચ્ચે થયેલ પ્રોમીસરી નોટ છે. તે તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ. સદર કરાર રીફર થતો હોઈ અને તેને આંક આપવા સામે કોઈ પક્ષે વાંધો તકરાર ન હોઈ જેથી રજુ દા. આંક ૨૫ આંક–૨૬ ના કરાર સિવાય અન્ય કુલ ૩ કરાર છે. સદર બીજા ત્રણ કરાર રજુ કરવા માંગો છો તેવા સવાલના જવાબમાં જણાવુ છુ કે હાલ મારી સાથે જ લાવેલ છુ અને તેની ઝેરોક્ષ કોપીઓ રજુ કરૂ છુ. મને તમામ કરારની કોપીઓ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં એક પણ કરારમાં સાક્ષી તરીકે કોઈની સહી નથી. સદર ચાર કરાર રીફર થતા હોઈ અને તેને આંક આપવા સામે કોઈ પક્ષે વાંધો તકરાર ન હોઈ જેથી રજુ દા. આંક ૨૭ થી ૨૮.''

**૧૬.૫** આંક–૨૬ અને ૨૭ નો કરાર એકજ છે.

**૧૬.૬** જયારે આંક–૨૮ ના કરારમાં હાલના ફરીયાદીએ રૂા. ૯,૦૫,૦૦૦/– આપેલા છે અને તેની સીકયુરીટી પેટે હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે તેવી વિગત છે.

**૧૬.૭** આમ, ઉપરોકત કરારમાં એટલે કે, આંક–૨૮ ના કરારમાં તા. ૨૪–૦૫–૨૧ ના રોજ આરોપીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે,

''(૩) સદરહું આપણે બંને પક્ષકારો વચ્ચે થયેલ કરાર મુજબ અમો લખી આપનારએ તમો લખાવી લેનારા પૈકી નંબર–૧ વાળાને સીકયુરીટી પેટે રૂા.૫,૭૬,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ છોતેર હજાર પુરાનો આઈ.સી.આઈ.સી.આઈ બેંક જુનાગઢ બ્રાન્ચના ચેક નંબર–૦૧૬૭૨૩ થી આપેલ છે તથા લખાવી લેનારા પૈકી ર વાળાને સીકયુરેટરી પેટે રૂા.૯,૦૫,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ પાંચ હજાર પુરાનો સ્ટેટ આઈ.સી.આઈ.સી.આઈ.બેંક જુનાગઢ બ્રાન્ચના ચેક નંબર–૦૧૬૭૨૪ થી આપેલ છે. અને જે ચેક દ્વારા પણ ઉપરોકત રકમ આ કરારની મુદત પુર્ણ થયા બાદ તમો લખાવી લેનાર તમારા એકાઉન્ટ માં અથવા તો તમોના મીત્ર સ્નેહીજનો ના એકાઉન્ટમાં નાખી અને મેળવી શકશો. અથવા તો અમો લખી આપનારાઓ તમો લખાવી લેનારને સદરહું રકમ નેટ બેંકીંગ દ્વારા પણ આપી શકશું જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે. જેની આથી બાહેંધરી, ખાત્રી અને વિશ્વાસ આપીએ છીએ. તેમ છતાં સદર રકમ ચુકવવામાં જો અમો નિષ્ફળ જઈએ તો આ કરાર દ્વારા અમારી જાત જંગમ મિલ્કત ઉપરથી કાયદેસરની કાર્યવાહી કરી ન્યાયીક રીતે અમારી પાસેથી સદર રકમ તમો વસુલવા હક્કદાર છો.''

**૧૬.૮** આમ, આંક–૨૮ નો કરાર જોવામાં આવે તો, ઉલટ તપાસમાં આ કરાર અંગે રજુઆત થતા ઉલટ તપાસના તબકકે રજુ થયેલ છે અને તેને આંક આપવા સામે વાંધો નથી તેવી સ્પષ્ટ વિગત ટ્રાયલ અદાલતે નોંધેલી છે અને તેથી આ આંક–૨૮ ના પેરા–૩ ની હકીકત તે આરોપીની કબુલાત છે કે આરોપીએ રૂા. ૯,૦૫,૦૦૦/– ફરીયાદી પાસેથી લીધેલા છે અને તેમાં જણાવેલ ચેક ફરીયાદીને આપેલ છે અને તે ચેક આંક–૩૩ મુજબનો છે અને આંક–૩૪ ના શેરા સાથે પરત થયેલ છે અને તે અંગે આંક–૩૫ થી નોટિસ આપેલી છે અને નોટિસ આર.પી.એ.ડી. થી કરેલ છે તે આંક–૩૬ થી તેમાં જણાવેલુ છે અને જે સરનામુ આંક–૨૮ ના કરારમાં છે ત્યાંજ આ આર.પી.એ.ડી. કરેલાનું જણાય આવે છે.

**૧૬.૯** આ કામમાં ટ્રાયલ અદાલતે પેરા–૧૧ થી ૧૩ માં નીચે મુજબનું તારણ કાઢેલ છે.

''(૧૧) તે જ રીતે નામ. સુપ્રીમ કોર્ટ દવારા ૨૦૧૯(૧) જી.એલ.એચ. પાના નં.–૩૩૮ બીરસીંગ –વિ.– મુકેશકુમારનાં ચૂકાદામાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

(23) Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the or onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instrument Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the nonexistence of the presumed fact as held in Hiten P. Dalal (supra).

(25) In Laxmi Dyechem v. State of Gujarat & Ors. (2012) 13 SCC 375, this Court reiterated that in view of Section 139, it has to be presumed that a cheque was issued in discharge of a debt or other liability but the presumption could be rebutted by adducing evidence. The burden of proof wa however on the person who wanted to rebut the presumption. This Court held "however, this presumption coupled with the object of Chapter XVII of the Act leads to the conclusion that by countermanding payment of a post dated cheque, a party should not be allowed to get away from the penal provision of Section 138 of the Act".

(26) In Kumar Exports v. Sharma Carpets (2009) 2 SCC 513, this Court reiterated that there is a presumption that every negotiable instrument duly executed, is for discharge of a debt or liability, but the presumption is rebuttable by proving the contrary. In the facts and circumstances of the case it was found that the cheque in question was towards advance for purchase of carpets, which were in fact not sold by the payee of the cheque to the drawer, as proved from the deposition of an official of the Sales Tax Department, who 7th ACJM Court Judgment stated that the payee had admitted that he had not sold the carpets

(27) In K.N. Beena v. Muniyappan and Another (2001) 8 SCC 458, this Court held that in view of the provisions of Section 139 of the Negotiable Instrument Act read with Section 118 thereof, the Court had to presume that the cheque had been issued for discharging a debt or liability. The said presumption was rebuttable and could be rebutted by the accused by proving the contrary. But mere denial or rebuttal by the accused was not enough. The accused had to

prove by cogent evidence that there was no debt or liability. This Court clearly set aside the held that the High Court had erroneously conviction, by proceeding on the basis that denials/averments in the reply of the accused were sufficient to shift the burden of proof on the complainant to prove that the cheque had been issued for discharge of a debt or a liability. This was an entirely erroneous approach. The accused had to prove in the trial by leading cogent evidence that there was no doubt or liability.

(37) A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheques is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

તે જ રીતે નામ. સુપ્રીમ કોર્ટ દવારા રંગપ્પા –વિ.– મોહન ૨૦૧૦ ક્રિમીનલ લો જર્નલ પાના નં.–૨૮૭૧ નાં ચૂકાદામાં જે રેસીયો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે નીચે મુજબ છે:–

"The presumption mandated by S. 139 of the Act does indeed include the existence of legally enforceable debt or liability. This is o course 7th ACJM Court Judgment in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the exsitence of a legally enforceable debt or liablity can be contested. However, there can be no doubt that there is an intial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of te legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigationo However, it must be remembered that the offence made punishable by S. 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/ defendant cannot be expected to discharge

an unduly high standard of proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. The accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

(૧૨) આમ, ઉપરોકત રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીએ તેઓની ફરીયાદની વિગતને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સમર્થન કરાવેલ છે અને તેથી ફરીયાદીની જુબાનીની વિગતને સાચી નહી માનવા કોઈ વ્યાજબી કારણ નથી, આમ જયારે આરોપીએ ફરીયાદના કામે રજૂ કરવામા આવેલ ચેક અને તેની ઉપર કરવામા આવેલ સહી સ્વીકારેલ છે ત્યારે વટાવખત અધિનિયમની કલમ–૧૩૯ ની જોગવાઈઓને ધ્યાનમા લેતાં, જયાં સુધી વિપરીત પુરવાર કરવામા આવે નહીં ત્યાં સુધી એવુ અનુમાન કરવામા આવે છે કે, ચેકના ધારકે આ કાયદાની કલમ–૧૩૮ મા જણાવેલ ચેક દેવા પેટે અથવા અન્ય જવાબદારીમાંથી પુરેપુરી રીતે અથવા અંશતઃ ચુકવણી માટે મેળવેલ હતો, આમ પાછો ફરેલ ચેક એટલે કે ફરીયાદના કામે રજૂ થયેલ ચેક વર્તમાન દેવુ કે જવાબદારીના ચુકવણી પ્રત્યેનો હતો તેવુ અનુમાન વટાવખત અધિનિયમની કલમ–૧૩૯ ની જોગવાઈઓને ધ્યાનમા લેતા ધારકની તરફેણમા અનુમાન કરવુ જોઈએ. તેથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે, ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે આપવામા આવેલ ન હતો, તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ચેક આપનાર ઉપર છે. અને ચેકના આપનાર એટલે કે હાલના આરોપીએ કાયદાની સદરહું જોગવાઈઓ અનુસંધાને પોતાનો કેસ બચાવ સ્વરૂપે મુકી શકેલા નથી તેમજ તેઓએ જે બચાવ લીધેલ છે તે પ્રથમ નજરે માની શકાય તેમ નથી અને આમ આરોપી પક્ષ વટાવ ખત અધિનિયમની કલમ–૧૩૯ ની જોગવાઈઓનુ ખંડન કરી શકેલા નથી.

(૧૩) આમ ફરીયાદપક્ષ દવારા રજૂ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો,તેમજ ફરીયાદી તરફે રજૂ કરવામા આવેલ નામ.હાઈકોર્ટ તથા નામદાર સીપ્રમ કોર્ટની ઓથોરીટીઓ અને તેમા પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત ધ્યાનમા લેતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ,જી.એલ.એચ.૨૦૧૯ પાન નં.૧૨૬ બીરસીંગ વિ.મુકેશકુમારનો ચુકાદો ધ્યાને લેતાં, તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કોઈ વ્યકિત સહી કરીને સામેની વ્યકિતને ચેક આપતી હોય ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦, ૮૭, ૧૩૯ માં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે કે. તે ચેકની અંદરની વિગતો ભરવાની તેઓ સામેની વ્યકિતને તમામ પ્રકારની સતા આપે છે અને જયાં સુધી તે વ્યકિત એવો પુરાવો રેકર્ડ પર લાવે નહીં કે, ઉપરોકત ચેક મનસ્વી રીતે કોઈપણ દેવું ન હોવા છતાં ખોટી વિગતો ભરીને રજુ કરવામાં આવેલ છે. ત્યાં સુધી કાયદાનાં અનુમાનોને જે તે વ્યકિતની તરફેણમાં હોય તેવું ખંડન કરવાની જવાબદારી ચેક આપનારનાં શીરે રહે છે અને ઉપરોકત હકીકત ત્યારે અસ્થાને થઈ જાય કે જયારે ચેકની

વિગતો જુદી–જુદી વ્યક્તિઓ દવારા અને જુદી–જુદી સહીથી ભરવામાં આવેલી છે અને ઉપરોકત સંજોગોમાં ચેક વેલીડ ગણાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે સંલગ્ન રહે છે. આમ, ફરીયાદપક્ષ તેઓનો કેસ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી તેમજ આરોપીના કથનથી જ પુરવાર કરી શકેલા હોય તેનાથી વિરુધ્ધ આરોપી પક્ષ તેઓનો બચાવ પુરવાર કરી શકેલા નથી. ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતા નાં સંબંધ હોય કંપનીનાં જોબવર્ક માટે કંપનીમાં મુડી રોકાણ માટે પૈસા લીધા હોવા અંગેનો નાણાંકીય વ્યવહાર થયેલ હોવાનુ જણાય છે. આરોપીની સહી વાળો ચેક ફરીયાદી પાસે કઈ રીતે અને કેવા સંજોગોમાં આવેલ છે તે અંગે આરોપી દવારા કોઈ પુરાવો રજુ કરેલ નથી. ચેકમાંની સહી આરોપીની નથી કે તે ચેક આરોપીનો નથી તે અંગે પણ કોઈ પુરાવો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવેલા નથી.આરોપીને ચેક અને તેના ઉપરની સહી અંગે કોઈ તકરાર હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ યોગ્ય પુરાવો રજુ કરી પુરવાર કરેલ હોય અને જે ચેક આરોપી દવારા આપવામાં આવેલ છે તે ચેક બાકી દેવા પેટે જ આપવામાં આવેલ હતો તે બાબત યોગ્ય પુરાવો રજુ કરી પુરવાર કરેલ હોય તેમજ ઉપરોકત કરેલી વિગતેની ચર્ચા મુજબ, ફરીયાદપક્ષ તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામા સફળ નિવડતા હોય તેના પરિણામ સ્વરુપે મુદ્દા નં.૧ નો જવાબ હકારમા ઠરાવવામા આવે છે અને મુદ્દા નં.–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.''

**૧૬.૧૦** ઉપરોકત તારણ સાથે આંક–૨૮ જોવામાં આવે તો તે કરારમાં આરોપીની સહી છે તેમજ ઉલટ તપાસમાં આ કરારને આંક આપવા સામે વાંધો નથી તેથી ટ્રાયલ અદાલતે આંક આપેલ છે.

**૧૬.૧૧** વધુમાં, આ ચેક આરોપીએ જ આપેલ છે તે અંગે ઉલટ તપાસમાં સઝેશન જોવામાં આવે તો તેમાં એવુ આવે છે કેક, ''એ વાત ખરી નથી કે પ્રોમીરસી નોટનું એગ્રીમેન્ટ તૈયાર કરેલ તે પહેલા ચેકો આરોપીએ મને આપેલા.''

**૧૬.૧૨** વધુમાં એવુ સઝેશન આવે છે કે, ''એ વાત ખરી નથી કે, ચેક નાખતા પહેલા મને મારા બાકી વળતર પેટેના પૈસા મળી ગયેલા.'' આમ, ઉપરોકત સઝેશન પણ નામ. સુપ્રિમ કોર્ટના બાલુ સુદામ ખલડે અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર નો જે ચુકાદો ૨૦૨૩ લાઈવલો (સુ.કો.) ૨૭૯ નો ચુકાદો રજુ થયેલ છે તે મુજબ સબસ્ટન્શીયલ પુરાવો બને છે અને ઉપરોકત હકીકતથી એ હકીકત જે ફરીયાદીએ જણાવેલ છે કે, આંક–૨૮ મુજબનો કરાર થયેલ છે અને તેમાં આરોપીનું એકસ્ટ્રા જયુડી. એડમીશન છે તે હકીકતને મજબુત બનાવે છે તે સંજોગોમાં ટ્રાયલ અદાલતે જે તારણ ઉપરોકત પેરાઓમાં કાઢેલ છે તે ન્યાયીક અને યોગ્ય છે.

**૧૬.૧૩** આ કામમાં આરોપી તરફે દલીલ એવી છે કે, આરોપીએ આપેલ સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરેલ છે પરંતુ આ હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે અને ખાસ કરીને આંક–૨૮ ના પેરા–૩ ની જે વિગત રજુ કરી છે તે જોતા આરોપીને મદદ કરે તેમ નથી.

**૧૬.૧૪** વધુમાં દલીલ છે કે, જે રકમ ચુકવવાની હોય તે રકમ ચુકવવાની જવાબદારી કંપનીની હોય, આરોપીની ન હોય પરંતુ, આંક–૨૮ ના પેરા–૩ ઉપર જે રજુ કરેલ છે તે મુજબ આરોપીએ ચુકવવાના છે તેવુ આરોપીનું એડમીશન છે તે જોતા ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૧૬.૧૫** વધુમાં એવી દલીલ છે કે, આ કામના ફરીયાદીએ આ કામના એપેલન્ટ/આરોપીની જાણ બહાર તેમની પાસે રહેલ સીક્યુરીટી પેટે રહેલા ચેકનો એપેલન્ટ/આરોપીને જાણ કર્યા વગર પોતાની બેંકમાં જમાં કરાવી અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ વિરૂધ્ધ હાલની આ ખોટી ફરિયાદ દાખલ કરેલ છે એ સ્પષ્ટપણે ફલીત થાય છે જેથી અમો આ કામના એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.''

પરંતુ આંક–૨૮ ના કરારની જે વિગતો ઉપર જણાવી છે તે જોતા આ દલીલનો લાભ મળી શકે તેમ નથી.

**૧૬.૧૬** વધુમાં એવી દલીલ છે કે, આ કામના ફરીયાદીએ નોટરાયઝડ એગ્રીમેન્ટ બનાવેલ છે તેમાં પણ દરેક પાના પર સહીઓ નથી તેમજ સાક્ષી તરીકે સહીઓ નથી તેમજ સુધારા કરેલા છે ત્યાં પણ નોટરીશ્રીનો સહી સીકકો નથી કે ટુકી સહીઓ નથી. ખરી હકીકતે એપેલન્ટે આ કામના ફરીયાદીને વધુ રકમ ચુકવેલ છે જેના બેંક સ્ટેટમેન્ટ આ સાથે રજુ રાખેલા છે. નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ વિરૂધ્ધ હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે એ સ્પષ્ટપણે ફલીત થાય છે જેથી અમો આ કામના એપેલન્ટ/આરોપી નિર્દોષ હોય અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા આપ નામદાર સાહેબને નમ્ર અરજ છે.

પરંતુ આરોપી તરફે આ ચેક આપવાની વિગત ઉલટ તપાસમાં સઝેશન સ્વરુપે સ્વીકારેલી છે અને આ દલીલના પેરા–૩ માં પણ આ

વિગત સ્વીકારવામાં આવેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

તે સંજોગોમાં ટ્રાયલ અદાલતે જે ચુકાદો આપેલ છે તે ચુકાદો હકીકત અને કાયદાની દૃષ્ટિએ યોગ્ય છે અને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી નથી તે સંજોગોમાં મુદા નં. ૭.૧ અને ૭.૨ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) આરોપીને એન.આઈ. એકટની કલમ-૧૩૮ માં સજા ફરમાવતો હુકમ કાયમ રાખવામાં આવે છે.

*હુકમ*:- આજરોજ તારીખ-બીજી, માહે. જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
**સેશન્સ જજ,**
**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.**
**(કોડ નં. જી.જે૦૦૪૬૯)**

સજા અંગે સાંભળવા માટે મુલત્વી.

Sessions Judge
Junagadh

**સજા અંગે સાંભળ્યા.**

(૧) ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, ટ્રાયલ અદાલતે રેકર્ડ ઉપરના સંજોગો ધ્યાને લઈ જે સજા કરેલી છે યોગ્ય અને ન્યાયીક છે અને તેમાં કોઈ હસ્તક્ષેપની આવશ્કયતા નથી.

(૨) આરોપી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેમના વૃધ્ધ માતા પિતા છે અને તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે દલીલ કરેલ છે.

(૩) આ કામમાં આરોપી સામે આજ પ્રકારનો બીજો કેસ પણ આજરોજ સાબીત થયેલ છે અને ટ્રાયલ અદાલતે જે સજા કરેલી છે તે જોવામાં આવે તો, આરોપી અને આરોપીના વકીલ હાજર ન હતા એટલે કે, તેમને સાંભળ્યા વગર સજા કરેલી છે. એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબ બે વર્ષ સુધીની કેદની શીક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા દંડ અને ઉપરોકત બે વર્ષની સુધીની કેદની સજા ફરમાવી શકાય છે.

(૪) આ કામમાં આરોપીએ કરાર કરી આપેલ છે અને તેમા પણ આ ફરીયાદ વાળા લેણાની હકીકત સ્વીકારેલી છે. એન.આઈ.એકટની કલમ–૧૩૮ માં સજાની જોગવાઈ રાખવાનો ઉદેશ ધારાસભાનો એ પણ છે કે, જેથી કોમર્શીયલ ટ્રાન્જેકશન આવા ચેકો વારંવાર પરત ફરે તો અટકી ન જાય અને તે સંજોગોમાં આરોપીને રેકર્ડ ઉપરના સંજોગો જોતા જે બે વર્ષની સાદી કેદની સજા કરવામાં આવી છે તે સજા એક વર્ષની કરવી ન્યાયીક જણાય છે અને બાકીના વળતરની રકમ અંગે જે આદેશ ટ્રાયલ અદાલતે કરેલ છે તે યોગ્ય જણાય છે તે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: <u>હુ ક મ</u> :–

**(૧)** વિવાદી/આરોપીની અપીલ **નામંજુર** કરવામાં આવે છે.

**(૨)** જુનાગઢના વિધ્વાન વિ. પાંચમા જયુડી.મેજી.ફ.ક.શ્રીનાઓએ ક્રિમીનલ કેસ નં.૫૨૪૭/૨૦૨૧ માં હુકમ કરેલ છે કે, '' આ કામના આરોપી પ્રતિકભાઈ સતિષકુમાર

જનની, રહે, બ્લોક નં.–૨૦૪, "ઈસ્કોન હેબીટેટ" ન્યુ અલ્કાપુરી, આંકોડીયા, લક્ષ્મીપુરા, વડોદરા વાળાને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલ બે વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ ૬(છ)% નાં વ્યાજ સાથે આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચૂકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં આરોપીએ અગાઉ જો કોઈ રકમ ભરેલ હોય તો બાદ આપવી.

(૪) આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૫) આજરોજ આરોપી ચૂકાદા સમયે હાજર ન હોય અને તેમની તરફે કોઈ મુકિત અરજી ન હોય આરોપી વિરુધ્ધ આ સજાનાં અમલ સંબંધેનું તેમની સામે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીને આ હુકમની એક નકલ વિના મૂલ્યે પૂરી પાડવી.'' તેવો જે હુકમ કરવામાં આવેલ છે **તેમાં જે બે વર્ષની સાદી કેદની સજા નો હુકમ છે તે સજા એક વર્ષની સાદી કેદની સજા** નો હુકમ કરવામાં આવે છે અને બાકીનો અ.નં.૫ સીવાયનો તમામ હુકમ ટ્રાયલ અદાલતનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

**(૩)** આ હુકમની જાણ ટ્રાયલ અદાલતને કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આર. એન્ડ પી. નીચેની અદાલતને મોકલી આપવું અને ટ્રાયલ અદાલતે આ કેસમાં સજાના અમલ માટે કોઈ ન્યાયીક કાર્યવાહી કરવાની થતી હોય તો તે નિયમ મુજબ કરવા માટે આદેશ કરવામાં આવે છે.

**(૫)** આ હુકમની એક નકલ આરોપીને વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ:– આજરોજ તારીખ–બીજી, માહે. જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
**સેશન્સ જજ,**
**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.**
**(કોડ નં. જી.જે૦૦૪૬૯)**

Sessions Judge
Junagadh